RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 190, Dt.25-10-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# શેરબજારમાં બ્લેક ફ્રાઈડે : સેન્સેક્સમાં ૭૦૦ પોઈન્ટનો કડાકો

## શેરબજારમાં દિવાળી પહેલા જ હોળીઃ સેન્સેક્સ – નીફટી ગગડતા રૂ.૮ લાખ કરોડનો ધુમાડોઃ ફરી એક વખત ઈન્વેસ્ટરોની દિવાળી બગડે તેવા સંકેત

**મુખ્ય સમાચાર,મુંબઈ**

ભારતીય શેર બજારમાં દિવાળી સમયે પણ હોળી જેવો માહોલ યથાવત રહ્યો છે અને આજે મુંબઈ શેરબજારમાં સેન્સેકસમાં ૭૦૦ પોઈન્ટનો કડાકો થતા જ ફરી એક વખત ઈન્વેસ્ટરોની દિવાળી બગડે તેવા સંકેત છે. માર્કેટમાં આજે પ્રારંભથી જ જે માહોલ હતો તેમાં પાવર કંપની એનટીપીસી અને બેંકીંગ ક્ષેત્રમાં ખાનગી બેંક ઈન્ડસીંધના પરિણામોએ મુળ વધુ બગાડયો હતો અને સેન્સેકસ અને નીફટીમાં કડાકાથી શેરબજારના માર્કેટ કેપ રૂ.૪૩૬.૧ લાખ કરોડના નવા નિચા સ્તરે પહોંચી ગયું હતું. આજે ૨૫ ઓક્ટોબરે સપ્તાહના છેલ્લા કારોબારી દિવસે સેન્સેક્સ ૭૦૦ પોઈન્ટથી વધુના ઘટાડા સાથે ૭૯,૬૨૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ ૧૦૦ પોઈન્ટનો ઘટાડો જોવા મળી રહ્યો છે, તે ૨૪,૨૫૦ના સ્તર પર ટ્રેડ કરી રહ્યો છે. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૧ વધી રહ્યા છે અને ૯ ઘટી રહ્યા છે. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૦ વધી રહ્યા છે અને ૨૦ ઘટી રહ્યા છે. ગજઊના ઓટો, મેટલ અને બેન્કિંગ સેક્ટરમાં ઘટાડા સાથે કારોબાર થઈ રહ્યો છે.

ઈન્વેસ્ટરોએ ૮ લાખ કરોડ બે કલાકમાં જ ગુમાવ્યા હતા. પછી બેંકીંગ શેરોમાં આઈસીઆઈસીઆઈ એ પણ ઘટાડામાં ફાળો આપ્યો હતો. રીલાયન્સ ઈન્ડસ્ટ્રી, એચડીએફસી બેંક અને સ્ટેટ બેંક પણ શેરબજારના સેન્સેકસને નીચો લાવવામાં સામેલ હતી. બીજા કવાટરના જેમ પરિણામો આવી રહ્યા છે માર્કેટમાં હવે ઘટાડો આગળ વધી રહ્યો છે. જયારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ છેલ્લા ૧૯ સેશનમાં રૂા.૯૮૦૮૫ કરોડનું વેચાણ કર્યુ છે. આમ માર્કેટ જે રીતે દિવાળી સમયે મુડ બગાડી રહી છે તેથી જ છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી ખરાબ દિવાળી પુરવાર થાય તેવી શકયતા હવે દર્શાવાઈ રહી છે.આ પહેલા ગઈકાલે એટલે કે ૨૪ ઓક્ટોબરે શેરબજારમાં સતત ચોથા દિવસે ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ



૧૬ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૦૬૫ પર બંધ રહ્યો હતો. નિફ્ટી પણ લગભગ ૩૬ પોઈન્ટ ઘટીને ૨૪,૩૯૯ ના સ્તર પર બંધ થયો. સેન્સેકસના ૩૦ શેરોમાંથી ૧૯માં ઉછાળો અને ૧૧માં ઘટાડો જોવા મળ્યો હતો. બેન્કિંગ અને ઓટો શેર્સમાં ઉછાળો જોવા મળ્યો હતો. એફએમસીજી અને આઈટી શેર્સમાં ઘટાડો જોવા મળ્યો હતો.

## વાવાઝોડા દાનાનો કહેર : ૧૨૦ કિમીની ઝડપે વિનાશકારી પવન ફુંકાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

તોફાન દાનાનો લેન્ડફોલ શરૂ થઈ ગયો છે. ચક્રવાતી તોફાન 'દાના' ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું છે. આ વાવાઝોડું મોડી રાત્રે ઓડિશાના ધામરા તટ પર ત્રાટક્યું હતું. આ દરમિયાન પવનની ઝડપ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની રહી હતી. તોફાન હવે ઉત્તર ઓડિશામાં લગભગ પશ્ચિમ-ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધવાનું શરૂ કરી દીધું છે. ચક્રવાતી તોફાન 'દાના'એ ઓડિશાના બંસડામાં ભારે તબાહી મચાવી છે. ચક્રવાતી વાવાઝોડું દાના ઓડિશા-પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના વિસ્તારમાં ત્રાટકી રહ્યું છે. આ સાથે જ ભદ્રકના કામરીયામાં ભારે પવન અને ભારે વરસાદે હાહાકાર મચાવ્યો હતો. ચક્રવાત 'દાના'ના કારણે ભારે પવન અને ભારે વરસાદને કારણે ધામરામાં વળક્ષો પડી ગયા દાનાના ખતરાને ધ્યાનમાં રાખીને NDRF, SDRF અને કોસ્ટ ગાર્ડને તૈનાત કરવામાં આવ્યા છે. ચક્રવાતી વાવાઝોડાને કારણે રેલ અને હવાઈ સેવાઓ પણ પ્રભાવિત થઈ છે. ૫૦૦ થી વધુ ટ્રેનો રદ કરવામાં આવી છે. જ્યારે ઓડિશા અને બંગાળમાં ૧૬ કલાક માટે ફ્લાઈટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. જોકે, બંને જગ્યાએથી ફ્લાઈટ ફરી શરૂ થઈ ગઈ છે.

## અમીત શાહના વિદેશ પ્રવાસ અંગે ગુપ્ત માહિતી આપનારને ૧ મિલિયન ડોલરનું ઈનામ આપવાની પન્નુની જાહેરાત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



ભારતને સતત ધમકીઓ આપી રહેલા અમેરિકા-કેનેડા સ્થિત ખાલીસ્તાની આતંકી નેતા ગુરપતવંત સિંહ પન્નુ એ હવે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના વિદેશ પ્રવાસ અંગે ગુપ્ત માહિતી આપનારને ૧ મિલિયન ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

પન્નુએ આ ઉપરાંત સીઆરપીએફની શાળાઓ બંધ કરવા માટે પણ જણાવ્યુ છે. ભારતના ગૃહમંત્રી અમીત શાહ એ દળ સીઆરપીએફના સર્વેસર્વા છે અને કેનેડામાં ખાલીસ્તાની નેતા હરદીપસિંહ નિજજરની હત્યા માટે શુટર ભાડે લેવા અને હત્યાનું ષડયંત્ર રચવા તેઓજ જવાબદાર છે. તેણે અમીત શાહના વિદેશ પ્રવાસની ખાનગી માહિતી આપનારને ૧ મિલિયન ડોલરનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

હાલ દિલ્હીમા સીઆરપીએફ શાળા નજીક જે નાનો વિસ્ફોટ થયો તેની જવાબદારી લેતા પન્નુએ હવે આ શાળામાં ભણતા વિદ્યાર્થીઓના માતા-પિતાએ તેમના સંતાનોને તેમાંથી અન્યત્ર શાળામાં અભ્યાસ કરાવવા જોઈએ. તેણે આ શાળાઓના બહિષ્કારની અપીલ કરતા કહ્યું કે અમૃતસરમાં સુવર્ણમંદિર સામે સૈન્ય કાર્યવાહીમાં સીઆરપીએફ સામેલ હતી તેથી તેને નિશાન બનાવાઈ રહ્યાનો દાવો કર્યો હતો અને ૧૯૮૮ના શિખ વિરોધી રમખાણમાં પણ સીઆરપીએફ જવાબદાર છે. પન્નુએ દાવો કર્યો કે પંજાબના પુર્વ પોલીસના કેપીએસ ગીલ તથા રોના પુર્વ અધિકારી વિકાસ યાદવ પણ આ રમખાણો માટે જવાબદાર છે.

## કર્ણાટકની સેશન્સ કોર્ટે એક સાથે ૯૮ લોકોને આજીવન કેદની સજા ફટકારી

### પહેલીવાર એવું બન્યું છે કે અદાલતે દલિતો પર અત્યાચારના કેસમાં સામૂહિક રીતે લોકોને આજીવન કેદની સજા સંભળાવી : ૨૯ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ દલિતો પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો અને તેમના ઘરોને આગ ચાંપી દેવામાં આવી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી

**મુખ્ય સમાચાર,બેંગ્લોર**

દેશમાં પહેલીવાર એવું બન્યું છે કે અદાલતે દલિતો પર અત્યાચારના કેસમાં સામૂહિક રીતે લોકોને આજીવન કેદની સજા સંભળાવી હોય. કર્ણાટકની સેશન્સ કોર્ટે એક સાથે ૯૮ લોકોને આજીવન કેદની સજા ફટકારી છે. ૨૦૧૪ના ભેદભાવ અને જાતિ હિંસાના આ કેસમાં કોર્ટે અન્ય ત્રણને પાંચ-પાંચ વર્ષની જેલની સજા ફટકારી છે. ગંગાવતી તાલુકાના મારાકુંબી ગામમાં દલિતોને નિશાન બનાવવા અને ભેદભાવ કરવાનો મામલો સામે આવ્યો છે.

જજ ચંદ્રશેખર સીએ આ કેસમાં ૧૦૧ લોકોને દોષિત ઠેરવ્યા હતા. તેમાંથી ત્રણને ઓછી સજા આપવામાં આવી હતી કારણ કે તેમની સામે જઈ-જઝ એક્ટ ૧૯૮૯ લાગુ કરી શકાયો ન હતો. વાસ્તવમાં તેઓ પણ દલિત સમુદાયના છે. સૂત્રોનું કહેવું છે કે દલિતો પર અત્યાચારના મામલામાં આટલા લોકોને સામૂહિક રીતે સજા સંભળાવવાની આ પહેલી ઘટના છે. સરકારી વકીલ અપર્ણાબુંદીએ કહ્યું કે આ કેસમાં ૧૧૭ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૯ ઓગસ્ટ ૨૦૧૪ના રોજ દલિતો પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો અને તેમના ઘરોને આગ ચાંપી દેવામાં આવી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. આ ઉપરાંત મારાકુંબી ગામમાં દલિતોને વાળંદની દુકાનમાં જવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. દલિતોને કરિયાણાની દુકાનોમાંથી સામાન મળતો ન હતો. હિંસા બાદ મારકુમ્બી ગામમાં ત્રણ મહિના સુધી પોલીસ તૈનાત કરવામાં આવી હતી. રાજય દલિત અધિકાર સમિતિએ પણ આંદોલન કર્યું હતું. આ સિવાય ગંગાવતી પોલીસ સ્ટેશનને ઘણા દિવસો સુધી સીલ કરવામાં આવ્યું હતું. આ કેસની ચાર્જશીટમાં સામેલ લોકોમાંથી ૧૬ લોકોના મોત સુનાવણી દરમિયાન થયા હતા. ગુનેગારોને બલ્લારી જેલમાં રાખવામાં આવ્યા છે અને તેમના પર ૫૦૦૦ રૂપિયા અથવા ૨૦૦૦ રૂપિયાનો દંડ પણ લગાવવામાં આવ્યો છે. સરકારી વકીલ અપર્ણા બંડીએ કહ્યું કે, આ કેસમાં ૧૧૭ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૯ ઓગસ્ટ




૨૦૧૪ના રોજ દલિતો પર અત્યાચાર ગુજારાયો હતો. ઘરોને આગ ચાંપી દેવામાં આવી હોવાની ફરિયાદ કરવામાં આવી હતી. મારાકુંબી ગામમાં દલિતોને વાળંદની દુકાને જવા પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. દલિતોને કરિયાણાની દુકાનમાં સામાન પણ આપવામાં આવતો નહોતો. દલિતોને ગામ બહાર કરી દેવામાં આવ્યા હતા. હિંસા બાદ ત્રણ મહિના સુધી મારકુમ્બી ગામમાં પોલીસ તૈનાત કરવામાં આવી હતી. રાજ્ય દલિત અધિકાર સમિતિએ પણ આંદોલન કર્યુ હતું.

## વાવ પેટાચૂંટણી માટે કોંગ્રેસના ગુલાબસિંહ ઠાકોર સામે ભાજપે સ્વરૂપજી ઠાકોરને મેદાને ઉતાર્યા

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

ગુજરાતમાં એકમાત્ર વાવ ધારાસભા બેઠક માટે યોજાઈ રહેલી પેટા ચૂંટણીમાં આજે ઉમેદવારી નોંધાવવાના આખરી દિવસે પણ કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય ગુલામસિંહ રાજપૂતને ટીકીટ આપીને વાજતે ગાજતે ઉમેદવારી કરી છે તો ભાજપે છેલ્લે ઘડી સુધી તેના પત્તા ખોલ્યા ન હતા અને બપોરે ૧.૦૦ વાગ્યે સ્વરૂપજી ઠાકોરને ટીકીટ આપી છે.

સુત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસમાંથી ભાજપ કોઈ બળવાખોરનો દાણો ચાંપવાની વેતરણમાં હતું પરંતુ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ સહિતના નેતાઓએ ભાભોરમાં કેમ્પ કરીને કોઈ તોડફોડ ન થાય તેની તકેદારી રાખી હતી.

આ બેઠકના પૂર્વ ધારાસભ્ય અને વર્તમાન સાંસદ ગેનીબેન ઠાકોરના ખાસ વિશ્વાસુ ગણાતા ગુલાબસિંહ રાજપૂત ફેવરીટ હતા પરંતુ કોંગ્રેસના નેતા ઠાકરશી રબારી ગઈકાલથી જ અચાનક જ હોસ્પિટલમાં દાખલ થઈ જતા તેઓ કોઈ બળવો કરશે તેવી ચિંતા હતી અને ભાજપ પણ કોંગ્રેસમાંથી કોને ઉમેદવાર બનાવે છે તેના પર નજર રાખીને બેઠુ હતું. આ સ્થિતિ વચ્ચે ગુલાબસિંહનું નામ જાહેર થતા જ પ્રદેશ પ્રમુખ શકિતસિંહ ગોહિલ સહિતના કોંગ્રેસના નેતાઓ અહીં પહોંચી ગયા હતા અને બપોરે રાજપૂતે પોતાની ઉમેદવારી નોંધાવી છે. સુત્રોના જણાવ્યા મુજબ ઠાકરશી રબારી હજુ સંતુષ્ટ જ છે. તેમણે એક સૂચક નિવેદનમાં કહ્યું કે મને ડમી ફોર્મ ભરવાનું કહેવામાં આવ્યું છે. ફોર્મ ભરવાનો કોઈ મતલબ નથી, ઉમેદવાર ફિક્સ હતા.કોંગ્રેસ અન્યની જેમ મને પણ રમાડે છે પરંતુ હું ડમી તરીકે ફોર્મ નહીં ભરૂ હવે કોંગ્રેસ અન્ય કોઈને ડમી બનાવી તેવી ધારણા છે તો સ્વરૂપજી ઠાકોર પણ મારતે ઘોડે ફોર્મ ભરવા પહોંચી ગયા હતા. વાવની બેઠક પર ૨૦૨૨ની જેમ જંગ રસપ્રદ થશે તે નિશ્ચિત છે. ભાજપમાંથી સ્વરૂપજી ઠાકોરનું નામ ચર્ચાતું હતું. બનાસકાંઠામાં જોકે ભાજપે આ રીતે ચૌધરીને બદલે ઠાકોર ઉમેદવારને ઉભા રાખીને ગેનીબેનના ગઢમાં ગાબડુ પાડવા કોશીશ કરી છે.અગાઉ ગેનીબેનને જીતાડવામાં ગુલાબસિંહનો ફાળો



હતો. ૨૦૨૨માં તેઓ પોતાની થરાદ વિધાનસભા બેઠક ગુમાવી હતી. ઠાકરશી રબારી પણ ૨૦૨૨માં ગેનીબેનની સાથે હતા. હાલના ભાજપના ઉમેદવાર સ્વરૂપજી ઠાકોરને ગેનીબેને ૨૦૨૨માં ૬૫૫૫થી વધુ મતે પરાજીત કર્યા છે. અહીં મતદારો સૌથી વધુ છે પણ છેક છઠ્ઠા ક્રમની વસ્તી ધરાવતા રાજપુત ઉમેદવારને ટીકીટ આપીને ગેનીબેનના ઠાકોર સમુદાય અને રાજપુત સમુદાયને આધારે ચૂંટણી જીતવા દાવ ખેલ્યો છે. વાવ વિધાનસભા બેઠક ત્રણ તાલુકાની છે અને ૧૯૮૫થી ૩૭ વર્ષમાં પ્રથમ વખત ૧૯૮૫માં કોંગ્રેસના પરબત પટેલે જીત મેળવી હતી.

## હવે તિરૂપતીની ત્રણ હોટલોને બોંબથી ઉડાવી દેવાની ધમકી

### દર્શનાર્થીઓની ભીડવાળા વિસ્તારમાં આવેલી હોટલોમાં સઘન સુરક્ષા ચેકીંગ કરાયું

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં બોંબની ધમકીનો શીલશીલો હવે હોટલો સુધી પહોંચી ગયો છે અને કર્ણાટક બાદ આંધ્રપ્રદેશ અને ઠેક ત્રિપુરામાં હોટલોને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળતા જ ફરી એક વખત સુરક્ષા કવચ તેજ કરવામાં આવી છે.

દેશમાં વિમાની કંપનીઓની ફલાઈટમાં બોંબ હોવાની ધમકીઓ ચાલુ જ રહી છે ત્યાં જ તીરૂપતીમાં જાણીતી લીલામહાલ,




કપીલ તીર્થમ અને અલીપીરી નજીકની ત્રણ હોટલોને આ પ્રકારની ધમકી મળી છે જેમાં ડ્રગ માફીયા સાદીકનું નામ લખાયું છે.

જેના પગલે સમગ્ર વિસ્તારમાં સુરક્ષા બંદોબસ્ત મજબુત કરાયો છે. દિપાવલી સહિતના તહેવારોમાં અહીં શ્રધ્ધાળુઓની મોટી સંખ્યા દર્શનાર્થે ઉમટે છે તે સમયે જ આ પ્રકારની ધમકીથી સુરક્ષા એજન્સીઓ માટે મોટો પડકાર સર્જાયો છે. આ અગાઉ આજે ત્રિપુરામાં પણ એક હોટલને પણ બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.

## કેનેડામાં કાર અકસ્માતમાં ૪ ગુજરાતીઓના મોત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગોધરા શહેરમાં આવેલી પંચમહાલ ડીસ્ટ્રીક બેંકના નિવૃત કર્મચારીના યુવાન દીકરા અને દીકરીનું કેનેડામાં કાર અકસ્માતમાં મોત થતાં પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પરિવારજનોને સાત્વના આપવા રાજકીય અગ્રણીઓ પહોંચ્યા હતા. કારમાં ચાર લોકો સવાર હતા તેમાંથી ચાર લોકો અકસ્માતમાં મોતને ભેટ્યા છે. જેમાં ગોધરાના સગા ભાઈ-બહેન અને આણંદ જિલ્લાના બે યુવકોનાં કરુણ મોત નીપજ્યા છે. જેમાં એક કોંગ્રેસના બોરસદ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારનો ભાણેજ છે. પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં આવેલી મંગલમુર્તિ સોસાયટીમાં રહેતા સંજયસિંહ ગોહિલ ડીસ્ટ્રીક બેંકના નિવૃત કર્મચારી તરીકે નિવૃત જીવન ગાળે છે. તેમના બે સંતાનો કેતાબા ગોહિલ કેનેડા ગયા હતા. ત્યાં લેબ ટેકનિશન તરીકે નોકરી કરતા હતા, તેમના પુત્ર નીલરાજ ગોહિલ પણ કેનેડામાં અભ્યાસ માટે ગયો હતો. ત્યાર બાદ તે પણ ત્યાં નોકરી કરતો હતો. તેઓ કેનેડાના બ્રેમ્પ્ટન શહેરમાં રહેતા હતા. તેઓની સાથે આણંદ જિલ્લાના બોરસદના જય સિસોદીયા, દિગ્વીજય પટેલ, ઝલક પટેલ પણ સાથે રહેતા હતા. ટોરોન્ટોમાં ટેસ્લા ઈવી કાર રોડ સાઈડની ગાર્ડ રેલ સાથે અથડાયાં બાદ સળગી ઉઠી હતી. આ અકસ્માતમાં ભાદરણ કોલેજના અધ્યાપક પ્રો. હરેન્દ્રસિંહ સિસોદીયાના પુત્ર અને બોરસદ વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ પરમારના ભાણેજ જયરાજસિંહ સિસોદિયા સહિત ચાર યુવકોનું ગતરોજ કેનેડાના ટોરન્ટો ખાતે માર્ગ અકસ્માતમાં કરૂણ મોત નીપજ્યાં હતા. જાણવા મળેલી માહિતી અનુસાર આ જયરાજસિંહ સિસોદિયા ગતરોજ ચાર મિત્રોની સાથે કેનેડાના ટોરોન્ટો ડાઉનટાઉન ખાતેથી પોતાની ટેસ્લા ઈવી કારમાં મુસાફરી કરી રહ્યા હતા. ત્યારે રોડ સાઈડની ગાર્ડ રેલ સાથે કાર અથડાઈ હતી. દરમિયાન કારની બેટરીને ડેમેજ થતાં તુરંત આગ પકડી હતી. આ



ઘટનામાં કારમાં મુસાફરી કરી રહેલા પાંચ પૈકી જયરાજસિંહ સહિતના ચારનું ઘટનાસ્થળે જ દુઃખદ નિધન થયું હતું. જ્યારે ઈજાગ્રસ્ત એક મુસાફરને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જયરાજસિંહ બોરસદ વિસ્તારના એક ખૂબ આશાસ્પદ અને અત્યંત પ્રતિભાસંપન્ન યુવાન હતા. તાજેતરમાં જ કેનેડા દેશના સિટીઝન થયા હતા. અભ્યાસમાં પણ તેજ તર્રાર એવા જયરાજસિંહની વ્યવસાયિક કારકિર્દી પણ ખૂબ ઉજ્જવળ હતી. બોરસદ પંથક કે આસપાસના કે પરિચિત કોઈપણ યુવાનો કેનેડા ખાતે અભ્યાસ અર્થે જતા ત્યારે જયરાજસિંહ હંમેશા સૌના માટે જરૂરી તમામ સહાય અને માર્ગદર્શન માટે તત્પર રહેતા હતા. આવા એક નવયુવાનના આકસ્મિક નિધનથી સમગ્ર બોરસદ પંથકમાં અને સમગ્ર સમાજમાં ઉંડા દુખની લાગણી પ્રસરી છે.

## અમદાવાદમાં ગેરકાનુની વસેલા ૫૦થી વધુ બાંગ્લાદેશીઓની ધરપકડ

### ખોટા દસ્તાવેજો બનાવીને બાંગ્લાદેશીઓ અમદાવાદમાં રહેતા હોવાની માહિતી બાદ આ કાર્યવાહી શરૂ કરાઈ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હાલમાં જ સર્વોચ્ચ અદાલતે નાગરિક કાનુનની કલમ ૬-એ અંગે આપેલા ચુકાદા બાદ ૩૧ માર્ચ ૧૯૭૦ પછી ભારતમાં આવેલા બાંગ્લાદેશી શરણાર્થીઓ ગેરકાનુની વસેલા નાગરિકો ગણાય તેવા અર્થઘટન બાદ હવે આગામી સમયમાં દેશભરમાં બાંગ્લાદેશીઓ સામે કાર્યવાહી શરૂ થાય તેવા સંકેત છે અને તેમાં ગુજરાતમાં અમદાવાદમાં ક્રાઈમ બ્રાંચે એક મોટી કાર્યવાહીમાં ૫૦ જેટલા બાંગ્લાદેશીઓની અટકાયત કરી છે.

આ તમામ અમદાવાદમાં ગેરકાનુની રીતે રહેતા હતા. અમદાવાદ ડીસીપી ક્રાઈમ અજીત રાજીયેને જણાવ્યું હતું કે ખોટા દસ્તાવેજો બનાવીને બાંગ્લાદેશીઓ અમદાવાદમાં રહેતા હોવાની માહિતી બાદ આ કાર્યવાહી શરૂ કરી છે જેમાં ૨૦૦થી વધુ લોકોની પુછપરછ હાથ ધરવામાં આવી હતી અને તેમાં ૫૦ લોકો હાલ બનાવટી દસ્તાવેજોના આધારે ભારતમાં રહેતા હોવાની માહિતી મળી છે.

હવે તેમની પુછપરછ શરૂ કરાશે. સ્થાનિક સ્તરે તેઓએ આધાર, પાનકાર્ડ સહિતના ડોકયુમેન્ટો પણ તૈયાર કરી લીધા હતા અને આ ડોકયુમેન્ટ કોણે બનાવી આપ્યા તે પણ તપાસ કરાશે. સુત્રોના જણાવ્યા મુજબ અમદાવાદ બાદ રાજયના અન્ય ભાગોમાં પણ ગેરકાનુની રીતે




વસી ગયેલા બાંગ્લાદેશીઓને શોધી શોધીને તડીપાર કરવાની કાર્યવાહી હાથ ધરાશે.

આસામ સહિતની સરહદોથી ઘુસેલા બાંગ્લાદેશીઓ દેશભરમાં ફેલાઈ ગયા છે અને કેટલાક તો બીજી-ત્રીજી પેઢી પણ ભારતના નાગરિક બની ગયા હોવાના સમાચાર છે. જોકે સુપ્રીમનો આ ચુકાદો હવે દેશમાં આ રીતે ઘુસેલા બાંગ્લાદેશીઓ સામે કામ લેવામાં મહત્વનો પુરવાર થશે.

# રોશનીના પર્વ દિપાવલી ને વધાવવા શહેરની બજારોમાં દિપકો ઝગમગી ઉઠયા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દિપાવલી પર્વના આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે આપણા સૌથી મહત્વના પર્વને વધાવવા રાજકોટ સહિત સમગ્ર દેશમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રની મુખ્ય બજારોએ આ રોશનીના પર્વ ને આવકારવા સોળે શણગાર સજીયા છે ખાસ કરીને દિપાવલીનું પર્વ હોય ત્યારે દિપક કેમ ભુલાય? રાજકોટ બજારમાં રોશનીના શણગાર સાથે અનેક વેરાઈટીઓમાં દીવડા જોવા મળી રહ્યા છે ગત વર્ષની તુલનામાં આ વર્ષે તમામ આઈટમમાં ૧૫% જેવો વધારો નોંધાયો હોવા છતાં રાજકોટ વાસીઓ મોંઘવારીને ભૂલી છેલ્લા કેટલાક દિવસથી ખરીદીમાં લાગી ગયા છે ગઈકાલે ગુરુ પુષ્ય નક્ષત્રમાં પણ રાજકોટ વાસીઓએ સોના ચાંદી તેમજ અન્ય ઈલેક્ટ્રોનિક આઈટમની ધૂમ ખરીદી કરી હતી હવે સોમવારથી સતત એક સપ્તાહ ચાલનારા દિવાળી પડવાને વધાવા અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે રાજકોટની મુખ્ય બજારો ધર્મેન્દ્ર રોડ લાખાજીરાજ રોડ ગુંદાવાડી ઘીકાટા રોડ તેમજ પરા વિસ્તારની બજારોમાં પણ ધૂમ ખરીદી નીકળી છે વેપારીના મુખ પર પણ નવી ચમક જોવા મળી રહી છે

રંગબેરંગી કલરના દીવડાઓથી રાત્રિના પણ સૂર્ય ઉગ્યો હોય તેવો માહોલ સર્જાયો છે બજારોમાં મીણ સહિતના લાઈટિંગ વાળા દીવડા પણ ઉપલબ્ધ બન્યા છે ખાસ કરીને હજી અનેક ઘરોમાં તેલના અને ઘીના દીવા આ દિપાવલીના પર્વ નિમિત્તે સાત દિવસ સુધી કરવામાં આવે છે

# ભારે વરસાદથી નુકશાનગ્રસ્ત વિસ્તારના ખેડૂતો માટે સરકાર દ્વારા કૃષિ રાહત-સહાય પેકેજની જાહેરાતને આવકારતા પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ

## ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રૂ.૧૪૧૯.૬૨ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં ખેડુત હિતલક્ષી નિર્ણય કરાયો છે. રાજ્યમાં તાજેતરમાં ભારે વરસાદથી થયેલ નુકશાનને પગલે રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. જેની વિગતો આપતા પ્રદેશ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં ઓગષ્ટ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સંવેદનશીલ રાજ્ય સરકાર દ્વારા ઉદાર હ્રદયે રૂ. ૧૪૧૯.૬૨ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરતા ચોતરફથી હર્ષભેર આવકારવામાં આવ્યું છે. વધુમાં વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, ઓગષ્ટ માસમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, કચ્છ, તાપી, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જુનાગઢ, સુરત, પાટણ અને છોટા ઉદેપુર એમ ૨૦ જિલ્લાના મળી કુલ ૧૩૬ તાલુકાના કુલ ૬૮૧૨ ગામોમાં ભારે વરસાદ વરસતા અસરગ્રસ્ત થયા હતા. આ અસરગ્રસ્ત વિસ્તારમાં વિવિધ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. કુલ ૧૨૧૮ જેટલી ટીમોએ આ અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વે હાથ ધર્યો હતો. જેના આધારે આશરે ૭ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે. અસરગ્રસ્ત ખેડૂતોને જઉછઋ-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી / રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ. ૩૨૨.૩૩ કરોડની ટોપ અપ સહાય અપાશે. વિજયભાઈ કોરાટે કૃષિ રાહત પેકેજ માટે રાજ્ય સરકારે નિયત કરેલા ધોરણો વિશે વિસ્તૃત વિગતો આપી હતી. જેમાં.. (૧) ખરીફ ૨૦૨૪-૨૫ ઋતુના વાવેતર કરેલા બિનપિયત ખેતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે જઉછઋના નોમ્ર્સ મુજબ રૂ. ૮,૫૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૨,૫૦૦ સહાય મળી કુલ રૂ. ૧૧,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. (૨) વર્ષાયુ અથવા પિયત પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન



માટે જઉછઋના નોમ્ર્સ મુજબ રૂ. ૧૭,૦૦૦ તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ. ૫,૦૦૦ સહાય મળી કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે. (૩) બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે જઉછઋના નોમ્ર્સ મુજબ રૂ. ૨૨,૫૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય અપાશે.

# જામનગર રોડ પર ઘંટેશ્વર પાસે આરટીઓ અને પોલીસનું વાહન ચેકિંગ




શહેરની ભાગોળે જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર પાસે ગતરાત્રિના પોલીસ અને આરટીઓ દ્વારા સંયુક્ત વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હેલ્મેટ ન પહેરનાર વાહનચાલકો તથા કારમાં બ્લેક ફિલ્મ લગાવેલ વાહન ચાલકો સામે કેસ કરવામાં આવ્યા હતા આરટીઓ અને પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ૨૧ થી વધુ કેસ નોંધ્યા હતા અને ૩૧,૦૦૦ થી વધુનું દંડ કરવામાં આવ્યો હતો. શહેરમાં અકસ્માતના બનાવો અટકાવવા હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યા બાદ પોલીસ દ્વારા ઠેર ઠેર સરકારી કચેરીઓની બહાર દિવસ દરમિયાન વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું છે ત્યારે દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા હોય જેથી રાજકોટ આરટીઓ અને પોલીસ દ્વારા સંયુક્ત વાહન ચેકિંગ શહેરના હાઈવે પર ગોઠવવામાં આવતું હોય છે ગઈકાલે રાત્રિના જામનગર રોડ પર આરટીઓન અને પોલીસ દ્વારા સંયુક્ત વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતુ

# આંતરરાષ્ટ્રીય કુર્મી સેના દ્વારા રાજકોટમાં ૨૭ ઓક્ટોબરે પૂર્વ મુખ્યમંત્રી સ્વ.કેશુભાઈ પટેલની ભવ્ય સ્મરણાંજલિ સભા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમગ્ર ભારતમાં વસતા કૂર્મી પટેલોની સામાજિક એકતા અને વૈચારિક ક્રાંતિના ઉદેશ્યથી નવગઠિત સામાજિક સંગઠન નસ્ત્રઆંતરરાષ્ટ્રીય કુર્મી સેનાસ્ત્રસ્ત્ર દ્વારા ગુજરાત રાજ્યમાં તેનો સૌ પ્રથમ કાર્યક્રમ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને કરોડો લોકોના હૃદયમાં બિરાજતા પદ્મભૂષણ સ્વ.કેશુભાઈ પટેલની સ્મરણાંજલિ સભાના સ્વરૂપમાં બાપાસીતારામ ચોક, મવડી-રાજકોટ ખાતે આગામી ૨૭ ઓક્ટોબર રવિવારના રોજ રાત્રે ૮:૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમ બાબતે આજરોજ પ્રેસ કોન્ફરન્સ દ્વારા નસ્ત્રઆંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાસ્ત્રસ્ત્ર સંસ્થાપક સદસ્યો જિજ્ઞેશ કાલાવડિયા, ચિરાગ પટેલ(અમદાવાદ )અને ચિરાગ કાકડીયા એ કાર્યક્રમની વિગતો જણાવી હતી તે મુજબ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને પદ્મભૂષણ કેશુભાઈ પટેલ ની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે રાજકોટ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સમગ્ર રાજ્યમાંથી રાજકીય - સામાજિક મહાનુભાવો તથા ૧૦ થી વધુ રાજ્યોમાંથી કુર્મિ પટેલ સમાજના સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે અને સ્વ કેશુભાઈ પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. કાર્યક્રમના આયોજનને લઈને આયોજકો દ્વારા છેલ્લા ત્રણ મહિનાથી સતત તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. ગુજરાત રાજ્યમાં આવેલ પાટીદાર સમાજની તમામ સંસ્થાના મુખ્ય મુખ્ય આગેવાનોને રૂબરૂ મળીને કાર્યક્રમનું આમંત્રણ આપવામાં આવ્યું છે તથા આ કાર્યક્રમમાં સર્વે સમાજની ભાગીદારી રહે તે માટે દરેક સમાજના આગેવાનો સુધી હાલ આમંત્રણ આપવાનું કામ ચાલી રહ્યું છે.

સ્વ.કેશુભાઈ પટેલની આ ભવ્યાતિ ભવ્ય સ્મરણાંજલિ સભામાં તેમના સમગ્ર જીવનસંઘર્ષની સફરને ઉજાગર કરતું પુસ્તક નસ્ત્રધરતીપુત્ર કેશુભાઈસ્ત્રસ્ત્રનું વિમોચન કરવામાં આવશે. આ પુસ્તકના લેખક મેઈન સ્ટ્રીમ મીડિયામાં લગભગ તમામ માતબર અખબારોમાં કામ કરી ચૂકેલા સિનિયર પત્રકાર- લેખક- તંત્રી એવા દિલીપભાઈ પટેલ છે. તેમના દ્વારા પૂર્વ પણ કેશુભાઈ પટેલ પર એક નાનકડી પુસ્તિકા નો આલેખન કરવામાં આવ્યું હતું.

સ્મરણાંજલિ સભાના કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદની સમક્ષ સ્વ કેશુભાઈ પટેલના જીવન પર આધારિત એક શોર્ટ ફિલ્મનું પણ સ્કિનિંગ કરવામાં આવશે. આ શોર્ટ ફિલ્મ કસુંબો જેવી ફિલ્મના આસિસ્ટન્ટ ડાયરેક્ટ રહી ચૂકેલા ઋષભભાઈ ભાવસારના ડાયરેક્શનમાં બનાવવામાં આવી છે.

કેશુભાઈ પટેલની શ્રદ્ધાંજલિ સભામાં સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિના લોકપ્રિય લોક સાહિત્યકાર અને પોતાની આગવી શૈલી માટે જાણીતા મનસુખભાઈ વસોયા, દાદુભાઈ ગઢવી સહિતના કલાકારો દ્વારા સરદાર પટેલ અને સ્વ.કેશુભાઈ પટેલના જીવન પર તેમની આગવી શૈલીમાં રજૂઆત કરવામાં આવશે. કાર્યક્રમમાં આવનાર જનતા જનાર્દન માટે પણ અનેક આકર્ષણો મૂકવામાં આવ્યા છે જેમાં સરદાર પટેલ અને છત્રપતિ શિવાજીના વિશાળ કટ આઉટ સાથેના સેલ્ફી પોઈન્ટ તથા સ્વ .કેશુભાઈ પટેલના વિશાળ કટ આઉટ મેદાનમાં નજરે ચડશે. સ્વ .કેશુભાઈ પટેલ દ્વારા તેમના મુખ્યમંત્રીકાળ દરમિયાન સમગ્ર ગુજરાત રાજ્યની પ્રજા માટે જે આયોજનો કરવામાં આવ્યા હતા તેની ઝલક પણ કાર્યક્રમ દરમિયાન આપવામાં આવશે. સ્વ . કેશુભાઈ પટેલ દ્વારા નર્મદા ડેમ નું પાણી પાઈપલાઈન દ્વારા સૌરાષ્ટ્ર સુધી પહોંચાડી ગામડાઓ અને શહેરોને પીવાના પાણીની સમસ્યાથી મુક્ત કર્યા હતા, ગુજરાત રાજ્યમાં પ્રચલિત ગુંડાગીરી સામે અવાજ ઉઠાવી તેને નાબૂદ કરી હતી, ગોકુળ ગ્રામ યોજના દ્વારા ગામડાઓને પણ શહેરો જેવા પાકા રોડ રસ્તાઓ આપ્યા હતા, જયોતિ ગ્રામ યોજના દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪ કલાક વીજળી મળી રહે તે પ્રકારનું અદકેરું આયોજન કર્યું હતું, સૌરાષ્ટ્ર સહિત રાજ્યભરમાં હજારો ચેકડેમ બનાવીને પાણીનું તળ ઊંચું લાવી ખેતી અને ખેડૂતોને અનન્ય ભેટ આપી હતી. આવી તો અનેક યોજનાઓ કેશુભાઈ પટેલ ના મુખ્યમંત્રી કાળમાં ગુજરાતની જનતાને મળી છે ત્યારે આપણે સૌએ પણ તેમની યાદગીરીને જીવંત રાખવી જોઈએ તે હેતુથી કેશુભાઈ પટેલ સ્મૃતિ સંસ્થાન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે જેની ઘોષણા કાર્યક્રમ દરમિયાન કરવામાં


(તસ્વીરઃ આનંદ જાવિયા)

આવશે.સ્વ .કેશુભાઈ પટેલની સ્મરણાંજલિ સભામાં ઉપસ્થિત સામાજિક મહાનુભાવો અને જનમેદની ની હાજરીમાં રાજકોટ ખાતે આવેલા આંતરરાષ્ટ્રીય હવાઈ મથક નું નામ નસ્ત્રસ્વ . કેશુભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટસ્ત્રસ્ત્ર આપવામાં આવે તેવો ઠરાવ પણ કરવામાં આવશે અને આગામી સમયમાં સરકાર સમક્ષ આ બાબતને લઈને વિધિવત રજૂઆત કરવામાં આવે તેવું પણ આયોજન નસ્ત્રઆંતરરાષ્ટ્રીય કૂર્મી સેનાસ્ત્રસ્ત્ર દ્વારા કરવામાં આવ્યું છે સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને આપણા સૌના લોકલાડીલા કેશુભાઈ પટેલને ભવ્યાતિ ભવ્ય શ્રદ્ધાંજલિ આપીએ તે હેતુથી ભાઈઓ-બહેનો-માતાઓ વડીલોને કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉમટી પડવા આયોજકો વિજય શિયાણી, ધવલ વડાલિયા, સંજય ખીરસરિયા, ભાસ્કર પટેલ, કેતન તાળા, રામાનુજ પટેલ, નરેન્દ્ર પટેલ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

# મોટા વડા સરકારી શાળાના ગુનાહિત શિક્ષકોને સસ્પેન્ડ કરો : ભરવાડ સમાજ



તાજેતરમાં રાજકોટ જિલ્લાના મોટાવાડા ગામે સરકારી શાળામાં ધોરણ ૧૧ માં અભ્યાસ કરતા છાપરા ગામના ધૃવિલ ભરતભાઈ વરુ ના આપઘાત પ્રકરણમાં જે શાળાના શિક્ષકો સચિન વ્યાસ વિભૂતિ શાહ અને મોસમી જોશી સામે ગુનો દાખલ થયેલો છે તેઓને તાત્કાલિક સસ્પેન્ડ કરવા ભરવાડ સમાજે માંગ કરી છે તમામ શિક્ષકોની પીએફ ની રકમ સાથે સરકારી સહાય ધ્રુવીલના પરિવારને આપવા અરજ કરાઈ હતી આ અંગે આજે સમસ્ત ભરવાડ સમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર અપાયું હતું

# ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વિકૃત હદે વણસી : તુષિત પાણેરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તા : ૨૨ ઓક્ટોબર ના રોજ બોટાદ જીલ્લા ના બરવાળા તાલુકા ના ભીમનાથ ગામ ના રહેવાસી અને ધંધુકા ની આર એમ એસ હોસ્પિટલ ના મુખ્ય ટ્રસ્ટી પાટીદાર શ્રેષ્ઠી ધરમશી ભાઈ મોરડીયા ની ધોળા દિવસે કલ્પેશ મેર નામના ૩૨ વર્ષીય યુવકે સરાજાહેર ધારિયા ના ઘા ઝીંકી ને હત્યા કરી નાખી અઠ્યાશી વર્ષની જૈફ વયે પણ સ્વ. ધરમશી કાકા પોતાના પરિવાર સંતાનો સાથે આનંદમય રીતે જીવન નો અંતિમ તબક્કો પસાર કરવાને બદલે જરૂરિયાતમંદો ની સેવા માટે હમેશા હાજરાહજૂર રહેતા હતા , આવા સમાજ શ્રેષ્ઠી ની હત્યા એ ગુજરાત ના કાયદો વ્યવસ્થા ની વિકૃત રીતે વણસેલી સ્થિતિ ની સાક્ષી પૂરે છે કેમ સૌરાષ્ટ્ર કચ્છ કોંગ્રેસના પ્રવક્તા તુષિત પાણેરી એ જણાવ્યું હતું

પાનખર ઋતુ મા ખરતા પાંદડા ની જેમ ગુજરાત મા હત્યાઓ થઈ રહી છે અને દરેક શહેર ગામડા મા લુખ્ખાઓ નો આતંક દિન પ્રતિ દિન વધી રહ્યો છે . . ગઈકાલે વાંકાનેર મા ખાણ ના ધંધા ની હરીફાઈ મામલે એક યુવક ની હત્યા થઈ , અઠવાડિયા પહેલા રાજકોટ મા પૈસા ની લેતી દેતી મામલે છરીના ઘા ઝીંકી યુવક ની હત્યા કરી દેવાઈ , દોઢ મહિના પહેલા ભાવનગર મા બે ક્ષત્રિય યુવાનો ની હત્યા થઈ,પહેલા રોહિત બારીયા નામના શખ્સ એ સાડા ચાર હજાર ની રકમ વસૂલવા આવેલા એક રિકવરી એજન્ટ ની ગળું દબાવી ને હત્યા કરી નાખી તે ઉપરોક્ત તમામ હત્યા ના બનાવો જોતા ખ્યાલ આવે છે. તેમ અંતમાં પાણેરીએ જણાવ્યું હતું.

# સોની મેક્સ પર તેમની ફિલ્મના પ્રીમિયર પહેલા અક્ષય કુમાર કહ્યું, ટાઈગર મારા નાના ભાઈ જેવો છે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

બોલિવૂડના પાવરહાઉસ અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ તેમની હાઈ-ઓક્ટેન એક્શન કોમેડી ફિલ્મ પબડે મિયાં છોટે મિયાંથ થી દર્શકોને રોમાંચિત કરવા માટે તૈયાર છે. અલી અબ્બાસ ઝફર દ્વારા નિર્દેશિત, આ ફિલ્મ ૨૭ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ સોની મેક્સ પર પ્રીમિયર થશે.

પ્રીમિયર પહેલા, અક્ષય કુમારે ટાઈગર શ્રોફ સાથે કામ કરવાનો પોતાનો અનુભવ શેર કર્યો. નસ્ત્રટાઈગર મારા નાના ભાઈ જેવો છે,સ્ત્રસ્ત્ર તેમણે કહ્યું. નસ્ત્રઅમે તરત જ કનેક્ટ થઈ ગયા અને અમારી મિત્રતા અદ્ભુત હતી. અમે તીવ્ર એક્શન સિક્વન્સથી લઈને વોલીબોલ અને લુડો જેવી રમતો સાથે આરામ



કરવા સુધીમાં કલાકો સાથે વિતાવ્યા. તે સંપૂર્ણ પ્રોફેશનલ છે અને મેં તેની પાસેથી ઘણું શીખ્યું છે. જો હું પ્રામાણિકપણે કહું તો હું ટાઈગર સાથે શૂટિંગ કરવાનું ખૂબ જ મિસ કરીશ. તે વાસ્તવિક જીવનમાં મારો છોટે છે.સ્ત્રસ્ત્ર

બડે મિયાં છોટે મિયાં એ ક્લાસિક ફિલ્મનું આધુનિક સંસ્કરણ છે, જેમાં એક આકર્ષક પ્લોટ, અદભૂત દ્રશ્યો અને આકર્ષક એક્શન સિક્વન્સ છે. આ ફિલ્મ બે ભૂતપૂર્વ સૈનિકોની વાર્તાને અનુસરે છે જે વિશ્વને ખતરનાક ખતરાથી બચાવવા માટે સૈન્યમાં જોડાય છે.

બડે મિયાં છોટે મિયાં એક્શન, કોમેડી અને નાટકનું સંપૂર્ણ મિશ્રણ છે, જે તમામ ઉંમરના પ્રેક્ષકોને મનોરંજન આપવાનું વચન આપે છે. ૨૭ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ રાત્રે ૦૮:૦૦ વાગ્યે સોની મેક્સ પર ફિલ્મનું વર્લ્ડ ટેલિવિઝન પ્રીમિયર ચૂકશો નહીં.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

